સલામી સવારની..

સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
99789-26251

વરસાદી આગાહીમાં મુખ્ય 'વહન' હોય છે!
આશા-નિરાશામાં વેદનાનું દહન હોય છે!
પલટાઈ પવન એક ખોટા નિવેદન થી -
આભ ને ગાભનું જ્ઞાન ખૂબ ગહન હોય છે
(ચોમાસું જવાની તૈયારીમાં)

હાઈકુ

હવામાનમાં,
વરસ્યા દિલાસાને -
ખોટી આશાઓ...

પાપ હોય ત્યાં
મૂકે ન પગ, સંતો -
રહે છે દૂર...

ચિંતન

કાર્ય પુરૂષકારણે લક્ષ્યં સમ્પદ્યતે ।

કર્તવ્યરૂપે સ્વીકારેલું કાર્ય એક ધ્યેય બની જાય છે.

'મારે આમ કરવું છે.' એમ દૃઢ નિર્ધાર કર્યા બાદ એ કાર્ય વ્યક્તિ માટે એક ધ્યેય; એક મકસદ બની જાય છે. અને તે લાભ ને નુકશાનની પરવા કર્યા વિના એ કાર્યમાં ઝંપલાવે છે અને આખરે એને એમાં સફળતા જ સાંપડે છે.

આપણે દિવાળી, (પતિ-પત્ની)ના જન્મદિવસે લગ્નતિથિ કે પિતૃતિથિના નવા નવા સંકલ્પ લઈએ છીએ ઘણીવાર તો ગુરુ કે સંતના ચરણ પકડીને પણ કોઈ નિર્ણય લઈએ પણ 'ઝાંપ સુધી'.

ધીમે ધીમે છૂટછાટ મૂકી સંકલ્પ સરોવરમાં પધરાવી દઈએ છીએ.

ધ્યેયને મક્કમપણે પકડી રાખીને જ અનુસરવું જોઈએ.

સુવિચાર

- સારા સંસ્કાર કોઈ 'મોલ' માંથી નહીં પરિવારના 'માહોલ' માંથી મળે છે - **એસ. ભટ્ટાચાર્ય**
- સિખા ન સકી... જો ઉમ્રભર તમામ કિતાંબે મુઝે... કરીબ સે કુછ ચેહરે પઢે..., ઔર ન જાને કિતને સબક સીખ ગયે... - **અલ્તાફ પટેલ**
- કોઈ જીવને ભલે 'ચણ' ન નાખો, પણ કોઈના જીવનમાં 'અડચણ' ન નાખો - **પ્રેમ સુમેસરા**
- સુખ સવાર જેવું છે, 'માગો તો ન મળે.... જાગો તે મળે' - **યગ્નેશ પાઠક**
- કયારેક સંબંધ 'નામના' મળે છે, તો કયારેક સંબંધ 'નામ - ના' મળે છે - **રીઝવાન શેઠીયા**
- સહજીવનમાં જયારે સંબંધ કેન્દ્રમાં હોય અને સ્વ પરિઘની બહાર હોય ત્યારે સુખનું વર્તુળ સ્થાય છે - **હંસલ ભચેચ**
- આજનું ઔષધ : સફેદ કરેણના ફુલોને પીસીને ચહેરા પર લગાવવાથી ચહેરા પર નિખાર આવે છે

(સંકલન : દીપક વી. આશરા)

બોધકથા

લંડનના વાલવર્થ પરાની આ વાત છે. આ પરું અપરાધીઓ તરીકેની વસ્તી તરીકે કુખ્યાત હતું. ત્યાં રહેનારા લોકો મોટે ભાગે ગરીબ અને અભણ હતા. વસ્તીના દુષિત માહોલના કારણે નાના બાળકો પણ ગાળાગાળી અને ઝઘરાળું સ્વભાવના થઈ ગયા હતા. એવામાં એક કેમ્બ્રિઝ યુનિવર્સિટીમાંથી ગ્રેજયુએટ થયેલો યુવાન આ પરામાં રહેવા આવ્યો. તેમે વસ્તીના લોકો સાથે પરિચય કેળવ્યો. ધીમે ધીમે ત્યાંના યુવાનો, બાળકો યુવાનની સાથે હળીમળી ગયા. પરામાં એક પુલ નીચે તેણે આ બાળકોને ભણાવવાનું શરૂ કર્યું, યુવાને રોજ દુનિયાની નવી નવી વાતો, વિજ્ઞાનની વાતો તથા ઈશ્વરની વાતો કહેતો. સચોટ ઉદાહરણથી તેમને સમજાવતો. ધીમે ધીમે તે તેઓને ઉત્તમ સંસ્કાર આપવા લાગ્યો. વસ્તીમાં રહેતા સૌને અહેસા સ થયો કે આ યુવાન બાળકોને સાચું શિખવાડી રહ્યો છે. બાળકોના વાણી, વિચાર અને વર્તનમાં પણ ફેરફાર જોઈને તેમના માતાપિતા પણ યુવાનથી પ્રભાવિત થયા. યુવાને બાળકોને કહ્યું, 'શનિ-રવિમાં તમે સૌ તમારા માતા-પિતાને લઈને ભણવા આવજો.' સૌ બાળકોએ તે પ્રમાણે કર્યું, યુવાને માતાપિતાને સમજાવીને કહ્યું, અઠવાડિયામાં એક દિવસ તમારે કોઈ ગુનો નહીં કરવાનો. થોડા વખત પછી વાલી પણ સામેથી યુવાનને કહેવા લાગ્યા કે અમે આ ગુનાખોરીથી કાંટાળી ગયા છીએ અને હવે કદી ગુનો નહીં કરીએ. ધીમે ધીમે વાલવર્થ પરાનો કાયાકલ્પ થઈ ગયો. તે પણ લંડનના સભ્યસમાજનો એક કિસ્સો થઈ ગયું. આ સમાજસુધારક યુવાન પછી ભારત આવ્યો જેને આપણે સી.એફ. એન્ડ્રુઝ (દીનબંધુ) ના નામે ઓળખીએ છીએ. આપણો સંકલ્પ દૃઢ હોય તો મોટા ગુનેગારો પણ સુધરી શકે છે.

ગઠબંધનના નેતાની ખોજ ચાલુ છે

તંત્રીસ્થાનેથી...

વિપક્ષોને હવે 'ઈન્દિરા હટાવો' પેટર્ન પર 'મોદી હટાવો' ઝુંબેશ શરૂ કરવાનો દૃઢ સંકલ્પ કર્યો છે. કોંગ્રેસ માટે વિપક્ષોનો આ અભિગમ આશીર્વાદ સમાન છે પણ સાથે સાથે તેને એ હકીકતથી પણ જાણ છે કે ધુરંધર પ્રાદેશિક નેતાઓ રાહુલ ગાંધીને વડાપ્રધાન પદ માટે લાયક નથી ગણતા. ખુદ રાહુલ ગાંધી અને સોનિયા ગાંધીને આ કડવું સત્ય કોઠે પડી ચૂક્યું છે. એમ છતાં તેઓ મૂંગા મૂંગા મોદી વિરોધી રાષ્ટ્રવ્યાપી ઝુંબેશને હવા આપતાં રહે છે. તાજેતરમાં દિલ્હી ખાતે મળેલી આવા નેતાઓની બેઠકમાં વરિષ્ઠ પત્રકાર અને ભારતીય જનતા પાર્ટી સાથે છેડો ફાડીને તૃણમૂલ કોંગ્રેસમાં સામેલ થયેલા સાંસદ ચંદન મિત્રાએ બહુ જ સ્પષ્ટ શબ્દોમાં જણાવી દીધું કે ગઠબંધન નેતા વિહોણું રહેશે તો લોકોમાં એને ધારી સ્વીકૃતિ નહીં સાંપડે. ચૂંટણી જંગમાં ઊતરતાં પહેલાં ગઠબંધનના નેતા અર્થાત્ વડાપ્રધાન પદના ઉમેદવાર નક્કી થઈ જવા જોઈએ. વળી આપણા વડાપ્રધાન પદના ઉમેદવાર કોઈ સક્ષમ પ્રાદેશિક પાર્ટીના નેતા જ હોવા જોઈએ, જે પોતાના પ્રદેશમાં વર્ષોથી પ્રસ્થાપિત અને લોકપ્રિય હોય. આમ કહીં ને એમણે ચિદંબરમ અને કપિલ સિબ્બલ જેવા વરિષ્ઠ કોંગ્રેસી નેતાઓની હવા કાઢી નાખી. અગાઉ જયારે આવું ગઠબંધન રચાયેલું ત્યારે વડાપ્રધાન પદના ઉમેદવારનું નામ અગાઉથી જાહેર કરીને ચૂંટણીના મેદાનમાં ઊતરવાની પદ્ધતિ નહોતી અપનાવાઈ - દાખલા તરીકે જનતા પાર્ટી પાસે કોઈ સ્પષ્ટ ચહેરો નહોતો. મોરારજી, દેસાઈ, ચરણસિંહ અને જગજીવનરામ સહિતના બધા નેતાઓ 'ઈંદિરા હટાવો' ના એક સૂત્રી કાર્યક્રમમાં સામેલ હતા. એમાં અટલ બિહારી વાજપેયી અને લાલકૃષ્ણ અડવાણી તથા હેમવતીનંદન બહુગુણા પણ હતા. ચંદ્રશેખર પણ હતા. એ જ રીતે ૨૦૧૯ની લોકસભાની ચૂંટણીમાં અનેક નાનામોટા પક્ષોના આગેવાનો 'મોદી હટાવો' ગઠબંધનમાં સામેલ હશે. ચંદન મિત્રાએ આ દલીલ તોડી પાડતાં કહ્યું કે એ ઘટના પછી યમુનામાં ઘણા પાણી વહી ગયાં છે અને હવે આજનો મતદાર વધુ જાગ્રત બન્યો છે. એ મોદીને હરાવી દીધા પછી દેશનો નવો વડાપ્રધાન કોણ હશે - તે મુદ્દાનો જવાબ અને ખુલાસો માગી રહ્યો છે. ચંદન મિત્રા સ્વાભાવિક રીતે જ એમનાં પ્રાદેશિક નેતા મમતા બેનરજીની વકીલાત કરતા હોય, પરંતુ શું મમતા, કોંગ્રેસ જેવા રાષ્ટ્રીય પક્ષને પણ દેશની બંગાળ સિવાયની પ્રજાને માન્ય હશે, તે પ્રશ્ન તો રહેવાનો જ. આ મુદ્દે કોંગ્રેસ તો રાહુલ ગાંધીને આગળ ધરી જ દીધા છે - કપિલ સિબ્બલે કહ્યું પણ ખરું કે રાહુલ ગાંધી હવે મોદીને પડકારવા સક્ષમ છે. પરંતુ શું દેશની પ્રજા હજી રાહુલને વડાપ્રધાન કક્ષાના નેતા તરીકે સ્વીકારવા તૈયાર થઈ છે? ચિદંબરમ જેવા દક્ષિણ ભારતના વરિષ્ઠ નેતાને કોંગ્રેસ આગળ ધરવા તૈયાર નથી. પ્રણવ મુખર્જી સાથે પણ કયારેક આવો જ અન્યાય થયો હતો. કોંગ્રેસ સાથે ગઠબંધન રચવા તૈયાર પ્રાદેશિક પક્ષો રાહુલના નેતૃત્વનો સ્વીકાર કરવા સંમત નથી. પરિવારવાદની રાજનીતિ કોંગ્રેસ સાથે ગળાનો ગાળિયો બની રહેલ છે. સામે મોદી છે, તે સમજવું પડશે. કેજરીવાલનો પનો ટૂંકો પડે છે. શરદ પવાર વૃદ્ધ થઈ ગયા છે અને ગઠબંધન પછી પણ સૌથી મોટી સભ્યસંખ્યા ધરાવતી પાર્ટીનો નેતા જ વડાપ્રધાન બનશે એવી જાહેરાત કરી જાતે ને જાતે મેદાનમાં હટી જાય છે. હવે ચૂંટણી તો છેક પાદર લગી પહોંચી ગઈ છે - મહાગઠબંધનના ઘડવૈયા લાગુ યાદવ જેલમાં છે. મોદીની સામે મોંઘવારી સહિતના અસંખ્ય સવાલો છતાં નેતા વિહોણો વિપક્ષ ટકી શકશે ખરો ? આ પ્રશ્નનો જવાબ ફક્ત સમય જ આપી શકશે.

દુષ્કર્મને ડામવા ૧૦૨૩ વિશેષ અદાલતોની રચના : પોસ્કો કોર્ટનો ફકત પાંચ જ દિવસમાં કેસનો નિર્ણય

કાયદો અને કાનૂન
અશ્વિન ત્રિવેદી

મહિલાઓ અને બાળકોના દુષ્કર્મના કેસો જલ્દી નિપટાવવા માટે દેશભરમાં ૧૦૨૩ જેટલી ફાસ્ટ ટ્રેક કોર્ટો ખોલવાનો વિચાર કાયદા મંત્રાલયે કરેલ છે. આ વિશેષ ફાસ્ટ ટ્રેક કોર્ટોની કામગીરી દુષ્કર્મ મામલાના કેસોની ઝડપથી પતાવટ તથા આવા મામલા ઉપર અંકુશ મુકવાનું રહેશે.

કાયદા મંત્રાલના ન્યાય વિભાગે આવી વિશેષ અદાલતની રચના માટે થનાર ખર્ચનું અનુમાન કેન્દ્રીય ગૃહ મંત્રાલયને મોકલી આપેલ છે જેમાં પ્રાથમીક તબક્કે રૂા. ૯૭૪ કરોડનું ખર્ચ આવે તેવી સંભાવના છે.

કેન્દ્ર સરકાર પ્રાથમીક તબક્કે ૪૭૪ કરોડ રૂપિયાનો ખર્ચ કરી આવી ફાસ્ટ ટ્રેક કોર્ટોની રચના કરશે ત્યારબાદના ખર્ચની જવાબદારી જે તે રાજયની રહેશે. કાનૂન મંત્રાલયના દસ્તાવેજોના આધાર મુજબ પોસ્કો કેસની સુનાવણી માટે ૧૦૨૩ જેટલી કોર્ટો દેશભરમાં શરૂ કરવામાં આવશે જેને ફાસ્ટ ટ્રેક કોર્ટનો દરજ્જો આપવામાં આવશે. આ યોજનાની વિસ્તૃત માહિતી કેન્દ્રીય ગૃહ મંત્રાલયને કાયદા વિભાગે સોંપેલ છે જેનો આગામી દિવસોમાં અમલ શરૂ થશે.

આ કોર્ટમાં ૧૨ વર્ષ સુધીના બાળકોના ઉપર દુષ્કર્મ ગુજારવામાં આવ્યું હોય તેવા કેસો ચાલશે. આ યોજના પોસ્કો અધિનિયના એક ભાગ રૂપ જ કાર્ય કરશે અને કોડ ઓફ ક્રિમીનલ પોસ્કો પુરાવા અધિનિયમ અને પોસ્કો અધિનિયમમાં સંશોધન થયેલ છે તે મુજબ રાજયોમાં પોસ્કો કોર્ટના રૂપે ફાસ્ટ ટ્રેક કોર્ટની રચના કરી કાર્યવાહી કરવામાં આવશે જે કેસોનો નિકાલ બે માસમાં કરવાનો રહેશે. સ્થાનિક નીચલી અદાલતોની સંખ્યા સરકારી વકિલોને નિયુકત કરવામાં આવશે ફકત પોસ્કો કેસો અને ફોરન્સીક તપાસ કિટ તૈયાર કરવા માટેનો નિર્ણય પણ કરવામાં આવ્યો છે.

અપરાધીક કાનૂન સંશોધન અનુસાર નવી ફાસ્ટ ટ્રેક કોર્ટ અદાલતોની સાથે જ આગળ દુષ્કર્મ મામલાની તપાસ કરવા માટે દરેક પોલીસ સ્ટેશનમાં હોસ્પિટલોમાં વિશેષ ફોરન્સીક કિટ પુરી પાડવામાં આવશે અને નવા નિયમ મુજબ જ કેસની તપાસ પોલીસ અધિકારી તથા ડોકટર તે નિયમ મુજબ જ ભોગ બનનાર તથા આરોપીની તપાસ કરી રીપોર્ટ અદાલતમાં સોંપશે.

દુષ્કર્મ મામલાની તપાસ ઝડપી કરવામાં આવશે બે માસની અંદર જ આવા કેસોની તપાસ કરી હુકમ આપવાનો રહેશે. બે માસમાં તપાસ પૂર્ણ કરી નિર્ણય આપવાનો રહેશે તથા અપીલની કાર્યવાહી પણ છ માસની અંદર જ પુરી કરવાની રહેશે. સરકારી અધિકારીના મત મુજબ મહિલાઓ, એસટી, એસસી અને વરીષ્ટ નાગરીકો સાથે જોડેલ કેસોની પતાવટ માટે દેશમાં ફાસ્ટ ટ્રેક કોર્ટમાં મહારાષ્ટ્રમાં ૧૦૦, આંધ્ર પ્રદેશમાં ૩૮ તથા તેલગાંનામાં ૩૪ છે જે હાલમાં ચાલુ છે. ગાંધીનગર જીલ્લામાં પોસ્કો કોર્ટ કાર્યરત છે.

દુષ્કર્મ મામલામાં બે માસમાં નિર્ણય આપવાની સાથોસાથ આરોપીઓને ફાંસીની સજાની પણ જોગવાઈ લાગુ પાડવા માટે દેશભરમાં અવાજ ઉઠી રહ્યો છે ગત માસમાં ૬ વર્ષના બાળકના દુષ્કર્મના મામલામાં આરોપી સામે ૨૫ દિવસમાં કેસ ચલાવી નિર્ણય સંભળાવવામાં આવ્યો જેમાં અપરાધીઓના જઘન્ય અપરાધ બદલ ફાંસીની સજા સંભળાવવામાં આવી છે.

પાંચ વર્ષની બાળા સાથે દુષ્કર્મ આચરનારને કોર્ટે પાંચ દિવસમાં સજા સંભળાવી મધ્ય પ્રદેશ સરકારે વિશેષ અધિનિયમ ૨૦૧૮ મુજબ નાબાલીક સાથે દુષ્કર્મના મામલામાં પાંચ દિવસમાં ટ્રાયલ પુરી કરી અપરાધીને ફાંસીની સજા જાહેર કરવામાં આવેલ છે.

અપરાધીઓને કલમ ૩૭૬ (૨) (આઈ) તથા પોસ્કો એકટ મુજબ સજા ફરમાવવામાં આવેલ. ઉચ્ચ સત્ર ન્યાયાલયમાં પાંચ દિવસ ચાલેલ સુનાવણીમાં સાક્ષી પંચોને જે તે દિવસે જ સાક્ષી તપાસ પુરી કરવામાં આવતા માત્ર પાંચ દિવસમાં કેસમાં ઐતિહાસીક નિર્ણય આપતા ન્યાયાધીશ માધુરી રાજલાલજીએ આરોપીઓને જઘન્ય કૃત્ય બદલ આપીસી કલમ ૩૭૬ (૨) (આઈ) તથા પોસ્કો એકટ મુજબ ફાંસીની સજા ફરમાવેલ જે ન્યાયપાલીકામાં એક ઐતિહાસીક બનાવ ગણવામાં આવેલ છે.

આરોપીઓએ બાળકોની સાથે દુષ્કર્મ આચર્યા બાદ અપરાધથી બચવા માટે બાળકીની નિર્મમ હત્યા કરી પુરાવાનો નાશ કરવાનો પ્રયત્ન કરેલ પરંતુ ફોરેન્સીક તપાસના અંતે આરોપ સાબીત કરવામાં સરકારી વકિલ તથા સફળ તથા પરોક્ષ પુરાવાના આધારે તથા તપાસના રીપોર્ટના ડોકટરની તથા ફોરેન્સીક રીપોર્ટને ગ્રાહ્ય રાખી માત્ર પાંચ જ દિવસમાં કેસ ચલાવી આરોપીઓને સજા ફરમાવવામાં આવેલ જે ભારતભરમાં સર્વ પ્રથમ ફાસ્ટ ટ્રેક કેસ ગણવામાં આવશે પોસ્કોના આરોપીઓ હવેથી બચી શકશે નહિ ભોગ બનનારના પરિવારને તાત્કાલીક ન્યાય દેશભરની ૧૦૨૩ ફાસ્ટ ટ્રેક અદાલતોમાં મળી રહેશે.

શ્રેષ્ઠ જીવન તો એને જ કહેવાય જયારે લોકો આપણાથી ખુશ હોય...!

WhatsApp ઑફ ધી વીક
નેહલ ગઢવી

ભગવાને બે સરસ ગિફ્ટ આપી છે.

એક પસંદગી..

બીજી છે.. તક

પસંદગી છે સારા જીવન માટે ની અને..તક છે જીવન ને શ્રેષ્ઠ બનાવવા માટે ની....!!!

ખાવું નથી હોતું, અને એક કોળિયો વધુ મોંમાં મૂકી દેવાય છે. બોલવું નથી હોતું અને કંઈક બોલી દેવાય છે - અણધાર્યું, અણચિંત્યું, અણમાગ્યું. કરવું નથી હોતું અને કંઈક કરી બેસાય છે... ખવાઈ જાય છે, બોલાઈ જાય છે, કરી બેસાય છે.

આપણી જાગૃત સસંકલ્પશક્તિ જાણે કે એકાદ ક્ષણ માટે ગુમ થઈ જાય છે અને કો'ક બીજું તત્ત્વ આપણા પણ સવાર થઈ જાય છે.

આ રીતે જ ધણી-ધણિયાણી લડી પડે છે, મિત્રો શત્રુ બની જાય છે, હુલ્લડ ફાડી નીકળે છે, બંદૂકની ગોળી છૂટી જાય છે.

આ છે માણસના ભીતરના ભાગમાં રહેતી વૃત્તિની લીલા - અવિચારિણી વૃત્તિની. વાયરો વાય અને વહાણ ખેંચાઈ જાય તેમ માણસની સ્થિતિ બને છે. આ તો વિવશતા છે, લાચારી છે, એક રીતે તો પોતાની બેઆબરૂ છે.

આ સમજાય ત્યારે માણસમાં બીજું કાંઈક જાગે છે. માણસમાં રહેતો આબરૂદાર ભાગ જાગે છે, ધૂણી ઊઠે છે, સિંહની પેઠે હુંકાર કરે છે - પીઠ પરથી પાણી ખંખેરતો હોય તેમ વૃત્તિઓને ખંખેરી નાખે છે.

જેવી રીતે અવિચારણી વૃત્તિ છે, એવી જ રીતે સવિચારણી વૃત્તિ - ઊર્ધ્વ વૃત્તિ પણ માણસમાં છે. નિર્બળ ભાવોની સામે પ્રબળ સંકલ્પશક્તિ પણ માણસમાં છે. એમાંથી ગોપીચંદ, ભર્તૃહરિ, જનકવિદેહી, ગૌતમ બુદ્ધ જન્મ્યા છે.

- સુંદરમ્

ઈટલીના મિલાનો શહેરમાં વિશ્વવિખ્યાત દેવાલય બાંધતી વખતે કેટલીક મૂર્તિઓ એવી ઊંચી ને ભિડાતી જગ્યાએ મૂકવાની હતી કે કોઈની નજર ત્યાં સુધી ન પહોંચી શકે. તો પણ શિલ્પકાર પોતાના કામમાં લીન થઈને એક-એક રેખામાં ને મરોડમાં પોતાની કલા ઠાલવીને મૂર્તિઓ કોતરતો હતો. એક મિત્રે એ જોઈને ટીકા કરી : 'આ મૂર્તિ પર કોઈની નજર સરખી યે પડવાની નથી, તો પછી એની પાછળ આટલી બધી મહેનત કેમ ઉઠાવો છો? ઝટ પતાવી દેશો તો ત્યાં તો ચાલશે.'

શિલ્પીએ મૂર્તિમાંથી આંખ ઊંચી કર્યા વગર જવાબ આપ્યો : 'મારી કૃતિ છે એટલે શ્રેષ્ઠ જોઈએ - પછી ભલે કોઈ એ જુએ કે ન જુએ. હું તો જોઉં છું. અને બીજું કોઈ નહિ, તો ભગવાન તો એને જોશે જ ને ?'

'મારી કૃતિ છે, એટલે શ્રેષ્ઠ જોઈએ' - એ કલાકારનો આદર્શલેખ છે અને જીવનઘડતરને અગ્રસિદ્ધાંત છે. મારે હાથે કાચું કામ નહીં શોભે. મારી મર્યાદાઓ તો છે જ; પણ એમાં રહીને મારાથી જેટલું સારામાં સારું કામ થઈ શકે એટલું હંમેશ વ્યવહારમાં ઉતારવાનો મારો આગ્રહ રહેશે. મારું કામ છે, એટલે મારા પ્રમાણમાં ઉત્તમ જ હોય.

યુવાન માઈકલાંજેલોની કેટલીક શિલ્પકૃતિઓ ચોરાઈ અને બીજાના નામે વેચાઈ, ત્યારે એને ખૂબ લાગી આવ્યું અને જે મૂર્તિ પોતે ઘડી રહ્યા હતા એના ઉપર જ મોટા અક્ષરોથી પોતાનું નામ કોતરી દીધું. પણ એ ઉપાયો બેહૂદો લાગતાં એમને મનસૂબો કર્યો કે, મારી એક-એક કૃતિ હવે પછી એવી થશે કે તે જોતોવેંત એ માઈકલાંજેલોની જ છે એની સૌ કોઈને પ્રીતિ થઈ જશે. સ્થૂળ અક્ષરોથી નહીં, પણ મારો પ્રાણ મારી દરેક કૃતિમાં રેડીને હું તે મારી કૃતિ તરીકે ઓળખાવીશ. અને ખરેખર, આજના કલા નિષ્ણાતો પણ માઈકલાંજેલોની એક-એક મૂર્તિમાં ને એકએક ચિત્રમાં એમની આગવી છાપ પારખી શકે છે.

મારા જીવનઘડતરમાં, મારા અંતરમાં ચિત્રમાં પણ એવી છાપને એવી કામગીરી જોઈએ. 'કોપીરાઈટ' ના કાયદાને જોરે નહીં, પણ મારા આત્માના પ્રભાવથી મારું કામ ને મારું જીવન ખરેખર મારામાં જ છે એ હું સિદ્ધ કરી દઈશ. મારી સહી ન હોય તો યે કાગળ મારો છે એમ વાંચનારને થાય એવી રીતે હું લખીશ. ભજનની છેલ્લી કડીમાં 'ભણે નરસૈયો' ન આવે તોય ભજન નરસૈયાનું જ છે એવી પ્રીતિ આપોઆપ થાય એવી રીતે મારું જીવનકાવ્ય હું રચીશ.

કેટલું કરો છો એ નહીં પણ, કેવી રીતે કામ કરો છો એ મુદ્દાની વાત છે. કામની 'વિપુલતા' નહીં પણ 'શ્રેષ્ઠતા' સાધવાનો આદેશ છે. ફ્રાંસના અગ્રણી તત્વચિંતક સાર્ત્રની આગળ તેમના એક શિષ્યે ફરિયાદ કરી કે, 'આપે પ્રમાણમાં ખૂબ ઓછાં પુસ્તકો લખ્યાં છે.' ત્યારે એમણે જવાબમાં કહ્યું, 'મેં લખ્યું છે તો ઘણું, પરંતુ મારા લખાણનો ફક્ત પાંચમો ભાગ પ્રસિદ્ધ કર્યો છે,' એન ઉમેર્યું : 'જો મારા બધાં જ લખાણો મેં પ્રગટ કર્યાં હોત તો મને આટલી ખ્યાતિ મળી ન હોત, અને તમે મારા શિષ્ય પણ ન હોત !' એ શ્રેષ્ઠતાએ એમને સાક્ષરોના કીર્તિમંદિરમાં સ્થાન અપાવ્યું.

શ્રેષ્ઠની ઉપાસના એ કલામાં ને વિજ્ઞાનમાં, ધર્મમાં ને જીવનમાં વિજય અપાવનાર મંત્ર છે. લોકો મારું કામ જુએ કે ન જુએ, તેની કદર કરે ને કરે, મને શાબાદી આપે કે ન આપે, તો યે હું સંપૂર્ણ નિષ્ઠાથી અને મારી શક્તિના ઉચ્ચત્તમ ધોરણ મુજબ મારું એ કામ કરતો રહીશ. પરીક્ષા હોય કે ન હોય, તો યે હું સરખી રીતે વાંચીશ, ક્રિકેટ-મેચ ટ્રોફી માટેની હોય કે ખાલી 'મૈત્રી-રમત' હોય, તો યે હું સરખા ઉત્સાહથી રમીશ. સ્થૂળ વળતરની આશા નહીં, પણ મારા લાયક કામ કર્યાનો આત્મસંતોષ એ મારું પ્રેરકબળ હશે. મનના આ વલણને કલાકારો 'કલા ખાતર કલા', દાર્શનિકો 'કર્તવ્યબુદ્ધિ' અને ધર્મગુરુઓ 'નિષ્કામ કર્મ' કહે છે; પણ છે તો જુદી જુદી પરિભાષામાં એક જ સિદ્ધાંતનાં ભાષાંતર : કામને અર્થે જ કરેલું ઉત્તમ કોટિનું કામ.

પૂજામાં દેવમૂર્તિને ચોખા ચડાવે છે. એ ચોખાના દાણા અખંડ, અક્ષત હોવા ઘટે. સો સારા દાણા ભેગો એક તૂટેલો હોય તો 'ચાલશે' એમ માને તે સાચો પૂજારી બિરાજતા અંતર્યામીના ચરણની આગળ આપણું એક એક કાર્ય આપણે અર્પણ કરતા જઈએ છીએ. એવું એકેએક કાર્ય વિશુદ્ધ, શ્રેષ્ઠ, અક્ષત રાખવાનો જેને દિલથી આગ્રહ ન હોત, તે સાચો જીવનપૂજારી નથી.

- ફાધર વાલેસ

Last Seen :

જીંદગી ત્યારે સારી લાગે છે જ્યારે જીવનમાં આપણે ખુશ હોઈએ પણ શ્રેષ્ઠ જીવન તો એને જ કહેવાય જયારે લોકો આપણાથી ખુશ હોય...!

nehalgadhavi101@gmail.com

વચનોની લહાણીથી ઓબીસી-અનામતની ચૂંટણીલક્ષી કવાયતો

અતિતની આજ
ડૉ. હરિ દેસાઈ

પાટીદાર યુવા નેતા હાર્દિક પટેલે પટેલોને અનામત અને ખેડૂતોનાં દેવાં માફ કરવાના મામલે આમરણ ઉપવાસ આદરીને ગુજરાતમાં ભારે અજંપો સર્જ્યો છે. દેશભરમાં એની ચર્ચા થવી સ્વાભાવિક છે. અપેક્ષા તો હતી કે ભારતીય બંધારણ અમલમાં આવશે પછી સમાજમાં કોઈ ઊંચ કે નીચ નહીં રહે, બધા મુખ્યધારામાં આવીને સમાન અધિકારો ભોગવશે.બંધારણ ઘડનારાઓમાં ડૉ.બાબાસાહેબ આંબેડકર અને પંડિત જવાહરલાલ નેહરુ સાથે ડૉ.રાજેન્દ્ર પ્રસાદ, સરદાર વલ્લભભાઈ પટેલ અને ડૉ.શ્યામાપ્રસાદ મુકરજી સહિતનાં વિરાટ વ્યક્તિત્વો હોવા છતાં આજના યુગના વહેંતિયાઓ એમને ભાંડવામાં મશગુલ છે. આખું બંધારણ જ નકામું હોવાનું જણાવીને અને એને નવેસરથી ઘડવા કે એમાં આમૂલ પરિવર્તન લાવવાની રીતસરની ઝુંબેશો ચલાવાય છે. ચૂંટણીલક્ષી અમુક નુકસાન વહોરવાં ના પડે એટલા માટે કેટલાક મહાનુભાવો વાતને વાળી લેવાની કોશિશ કરે છે.એકબાજુ, સત્તાસ્થાને કેન્દ્ર અને રાજયમાં એકજ પક્ષની સરકાર હોવા છતાં બિહારમાં અનામતવિરોધી આંદોલન પૂરજોશમાં ચલાવાય છે. બીજીબાજુ, અનામતશ્રેણીનો વ્યાપ વધારવાની સાથે જ યાવદ્‌ચંદ્રદિવાકરૌ અનામત જાળવવાની ખાતરીઓ સર્વોચ્ચસ્થાનેથી અપાય છે. સમાજમાં સંઘર્ષો ખાળવાના પ્રયાસો હાથ ધરવાને બદલે બેવડી રમતો ચાલતી રહે છે.

ઓબીસી ગણતરીમાં વિરોધાભાસ

રાજકીય તરભાણાં ભરવાની જ કવાયતો ચાલે છે. ચૂંટણી જીતવા માટે દેશની વસ્તીના ૧૬.૬ % અનુસૂચિત જાતિ(એસસી) અને ૮.૬ % અનુસૂચિત જનજાતિના વર્ગ કરતાં ૪૧% અન્ય પછાત વર્ગો (ઓબીસી)ની વસ્તી વધુ ઉપયોગી હોવાને કારણે એમને રાજી રાખવાના ખેલ ચાલતા રહે છે. અન્ય પછાત વર્ગોના રાષ્ટ્રીય પંચને બંધારણીય દરજ્જો આપવાથી લઈને આગામી ૨૦૨૧ની વસ્તીગણતરી જ્ઞાતિ આધારિત કરવાનો નિર્ણય કરવા ઉપરાંત ઓબીસીની વસ્તી કેટલી છે એની પણ ગણતરી કરીને એને ન્યાલ કરી દેવાનાં વચનોની સત્તાધીશોએ લહાણી કરવા માંડી છે.વિરોધાભાસ અહીં જ છેઃ રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદ કોળી છે.ઉત્તરપ્રદેશમાં એ અનુસૂચિત જાતિ (એસસી)માં સામેલ છે,પણ ગુજરાત આવે ત્યારે એમણે ઓબીસી કોળી સમાજ સાથે સાંકળવામાં આવે છે.ગુજરાતના આંજણા પટેલો ઓબીસીમાં આવે છે,પણ રાષ્ટ્રીય સૂચિમાં તેઓ જનરલ કેટેગરીમાં છે. મહારાષ્ટ્ર, રાજસ્થાન અને મધ્યપ્રદેશમાંના પટેલો રાજ્ય અને રાષ્ટ્રીય સૂચિમાં ઓબીસીમાં આવે છે,પણ ગુજરાતમાં એ ઓબીસી કે અન્ય અનામત શ્રેણીમાં સમાવેશ માટે ત્રણ વર્ષથી આંદોલન કરતા રહ્યા છે.

સમાજનું સંધાણ કે વિભાજન

- **વર્ષ ૨૦૧૧ની નાત-જાત આધારિત વસ્તીગણતરી પછી હવે ૨૦૨૪માં અન્ય પછાતોને ગણવાના ગૂંચવાડા**
- **પછાત સવર્ણ જ્ઞાતિઓ માટે ૨૫ % અનામત આપવાનો ઉપકાર દર્શાવતાં ૭૫ % અનામતનું લટકાવાતું ગાજર**
- **મહિને ૬૬,૦૦૦ રૂપિયાની આવકવાળા "ગરીબ અને પછાતો"ને ક્રીમી લેયર બહાર ગણવાનો કેન્દ્ર સરકારનો નિર્ણય**
- **ઉજળિયાત પણ પોતાને પછાત ગણાવવાની સ્પર્ધામાં હોઈ અનામતનો લાભ મેળવવા માટે આંદોલનના માર્ગે**

વર્ષ ૧૯૩૧માં છેલ્લી વાર નાત-જાતને આધારે જનગણના થઈ હતી.એ પછી ગણનામાંથી જ્ઞાતિનું ખાનું કાઢી નાખવામાં આવ્યું હતું. વર્ષ ૧૯૪૧ની જનગણના અંગ્રેજ શાસનમાં થયેલી છેલ્લી ગણતરી હતી. એના ધાર્મિક આંકડાઓને આધારે દેશના ભાગલા કરતી વખતે પ્રદેશોની વહેંચણી કરવામાં આવી હતી. એ વેળા દલિતોને હિંદુ ગણવામાં નહોતા આવતા.પાકિસ્તાનમાં આજે પણ દલિતોને વસ્તીગણતરીમાં અલગ ગણવામાં આવે છે. ભારતની સ્વદેશી સરકાર વર્ષ ૨૦૧૧ની જનગણના કરવાનો નિર્ણય લેતી હતી ત્યારે કોણ જાણે શાસકોને શું કુમતિ સૂઝી કે એમણે ફરીને નાતજાતને આધારે (કાસ્ટ બેઈઝ્ડ) વસ્તીગણતરી કરવાનું વિચાર્યું. વિપક્ષે એ વેળા ભાજપવાળા હતા. ભાજપની માતૃસંસ્થા રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ(આરએસએસ)ના સરકાર્યવાહ ભૈયાજી જોશીએ સંઘની ભૂમિકા માંડતાં આવી નાત-જાત આધારિત વસ્તીગણતરીનો વિરોધ નોંધાવ્યો. સમાજમાં નવાં વિભાજનો સર્જાવાની શક્યતા વ્યક્ત કરી. ભાજપના અધ્યક્ષ રહેલા અને દાયકાઓથી ભાજપનો ચૂંટણી ઢંઢેરો તૈયાર કરનારા ડૉ.મુરલીમનોહર જોશીએ પણ મનમોહન સરકારના આ વિચારને પોતાના પક્ષે ટેકો નહીં આપવો જોઈએ, એવી ભૂમિકા લીધી. ભાજપના સત્તાકાંક્